સરહદી ગામોમાં સત્તાનો સંગ્રામ જૂથ પંચાયતને તોડવાના પ્રયાસ

રાણીઆંબા જૂથ ગ્રામ પંચાયતમાંથી અલગ પંચાયત બનાવવાની હિલચાલને અટકાવવા TDOને લેખિત રજૂઆત

વ્યારાઃ વ્યારા તાલુકામાં ડાંગ જિલ્લાને અડીને આવેલાં પૂર્વ પટ્ટીનાં અલગ અલગ 7 ગામની રાણીઆંબા જૂથ ગ્રામ પંચાયતનું વિભાજન કરી 2-3 ગામની અલગ ગ્રામ પંચાયત બનાવવા ગત દિવસોમાં ગ્રામજનોએ તાપી કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું અને બે અલગ ગ્રામ પંચાયત બનાવવાની માંગ સાથે રાણીઆંબા જૂથ ગ્રામ પંચાયતના સરપંચ નરસિંહ ગામીત મનસ્વી અને સરમુખત્યારશાહી નીતિ ચલાવતા હોવાનાં આક્ષેપ કરાયા હતા. ત્યારે ગતરોજ રાણીઆંબા જૂથ ગ્રામ પંચાયતના સરપંચ સહિતનાં હોદ્દેદારોએ વ્યારા તાલુકા પંચાયતના પ્રમુખ અને તાલુકા વિકાસ અધિકારીને લેખિતમાં રજૂઆત કરી રાણીઆંબા જૂથ ગ્રામ પંચાયતમાંથી અલગ ગ્રામ પંચાયત બનાવવા માટે ગેરકાયદે હિલચાલને અટકાવવાની માંગ કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે,આગામી દિવસોમાં રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી આવી રહી છે. ત્યારે વ્યારાની પૂર્વ પટ્ટી વિસ્તારમાં આવેલી રાણીઆંબા જૂથ ગ્રામ પંચાયતનાં સાત ગામોમાંથી વિકાસલક્ષી કામો ન થતાં હોવાનું કારણ આગળ હાથ ધરી ગામમાં વિરોધ પક્ષ દ્વારા હાલમાં જ ચુંટાયેલા સરપંચ તેમજ પંચાયતની કમિટીને વિશ્વાસમાં લીધા વિના ગ્રામજનોને ગુમરાહ કરી અલગ ગ્રામ પંચાયત બનાવવા માટેનું યોજનાબદ્ધ રીતે ષડયંત્ર કરાયું હોવાના આક્ષેપો સાથે વ્યારા તાલુકા પંચાયતના પ્રમુખ સહિત TDOને લેખિતમાં રજૂઆત કરી રાણીઆંબા જૂથ ગ્રામ પંચાયતના વિભાજન માટેની પ્રક્રિયાને અટકાવવા તેમજ તલાટી તરફથી આ બાબતે કોઈપણ દરખાસ્ત રજૂ કરવામાં આવે તો તેને પંચાયત અધિનિયમ અને તા.30-8-2022ના ઠરાવની જોગવાઈઓ મુજબ તાત્કાલિક અસરથી નામંજૂર કરવાની માંગ કરવામાં આવી હતી.

ભરૂચ જિલ્લા પંચાયતની 34 બેઠક જાહેર

ભરૂચ જિલ્લા પંચાયતની ચૂંટણીના દિવસો નજીક આવતાં રાજકીય ગરમાવો તેજ

ભરૂચઃ ભરૂચની જીલ્લા પંચાયતની ચૂંટણીને લઈને રાજકીય માહોલ ગરમાઈ રહ્યો છે. ભરૂચ જિલ્લા પંચાયતની કુલ 34 બેઠક માટે સમાવિષ્ટ તાલુકા પંચાયતોની બેઠકોની વાઈઝ ફાળવણી જાહેર કરવામાં આવી છે. રાજકીય પક્ષોએ કયા વિસ્તારમાં કોને મેદાનમાં ઉતારવા તે અંગે અંદરખાને ચર્ચાઓ તથા રણનીતિ ઘડવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે.

ભરૂચ જિલ્લા પંચાયતમાં આછોદ બેઠકમાં આછોદ-1, આછોદ-2, અનોર, ભીમપુરા, કેરવાડા, કોલવણા, પુરસા અને રોઝા ટંકારીયાનો સમાવેશ થાય છે. અંદાડા બેઠકમાં અંદાડા-1, અંદાડા-2, માંડવા બુઝર્ગ અને બોરભાઠાબેટ સમાવિષ્ટ છે. ભાડભૂત બેઠકમાં ભાડભૂત, અમલેશ્વર, દહેગામ અને કુકરવાડા, જ્યારે ભડકોદ્રા બેઠકમાં ભડકોદ્રા-1, 2, 3 તથા કોસમડી-1 અને 2નો સમાવેશ થાય છે. ભોલાવ બેઠકમાં ભોલાવ-1, 2, 3, નંદેલાવ-1, 2 અને ઉતરાજનો સમાવેશ કરાયો છે. દહેજ બેઠકમાં દહેજ-1, 2, 3, લખીગામ, જાગેશ્વર અને પણીયાદરા સામેલ છે, જ્યારે ડહેલી બેઠકમાં ડહેલી, ભમાડિયા, જબુગામ, દેશાડ અને સોડગામ તાલુકા પંચાયત બેઠકો આવે છે.

દીવા બેઠકમાં દીવા, દીવા-3, સક્કરપોર, ધંતુરીયા અને સજોદ, દેવલા બેઠકમાં દેવલા, ભડકોદરા, નાડા, ટંકારી અને ખાનપુર-દેહ, ધારોલી બેઠકમાં ધારોલી, તલોદરા, પડવાણીયા, અણધરા અને મોટાસોરવા સમાવિષ્ટ છે. ગડખોલ બેઠકમાં ગડખોલ-1, 2, 3 અને દીવા-2નો સમાવેશ થાય છે. હાંસોટ બેઠકમાં હાંસોટ-1, 2, ધમરાડ, દિગસ, ઈલાવ, કાંટા સાયણ, કંટિયાજાળ અને કતપોરનો સમાવેશ કરવામાં આવ્યો છે. ઈખર બેઠકમાં ઈખર-1, 2, ચકલાદ, દાદા, કુરચણ, માતર, સમની અને સરભાણ સમાવિષ્ટ છે.

ઝાડેશ્વર બેઠકમાં ઝાડેશ્વર-1, 2, 3, કહાનવા બેઠકમાં કહાનવા-1, 2, ગજેરા, કારેલી, ઉચ્છદ અને મગણાદ, કાંટીપાડા બેઠકમાં કાંટીપાડા, શણકોઈ, મોટા માલપોર, ડેબાર, ખરેઠા અને આંજોલીનો સમાવેશ થાય છે. કાવી બેઠકમાં કાવી-1, 2, જંત્રાણ, કન્નગામ, કાવા અને શીગામ, ખરચ (હાંસોટ) બેઠકમાં ખરચ-1, 2, ઓભા, પંડવાઈ, સુણેવકલ્લા, સુણેવખુર્દ, ઉતરાજ અને વાલનેરનો સમાવેશ છે. મૌઝા બેઠકમાં મૌઝા, કોયલીમાંડવી, બીલોઠી, મોટાજાંબુડા અને ઝરણ, નબીપુર બેઠકમાં નબીપુર, કવિઠા, પગુથણ, પારખેત અને સીતપોણનો સમાવેશ કરવામાં આવ્યો છે.

નેત્રંગ બેઠકમાં નેત્રંગ-1, 2, કુંબોડિયા, કાકડકુઈ અને બલદવા, પાલેજ બેઠકમાં પાલેજ-1, 2, સેગવા અને ટંકારીયા, પઠાર બેઠકમાં પઠાર, દોલતપુર, ધોળગામ, ગુંદીયા અને રૂંધા સમાવિષ્ટ છે. રાજપારડી બેઠકમાં રાજપારડી-1, 2, ભાલોદ, અવિધા, રતનપોર અને પડાલ, સંજાલી બેઠકમાં સંજાલી, પાનોલી, સિસોદરા અને ખરોડનો સમાવેશ થાય છે. સારંગપુર બેઠકમાં સારંગપુર-1, 2, સેંગપુર અને જીતાલી, શેરપુરા બેઠકમાં શેરપુરા, મનુબર, કોઠી અને દયાદરા સમાવિષ્ટ છે.

શુક્લતીર્થ બેઠકમાં શુક્લતીર્થ, ઝનોર અને નિકોરા, સુલતાનપુરા બેઠકમાં સુલતાનપુરા, ગોવાલી, ઝઘડિયા અને ઉચેડિયા, વાઘપુરા (દૂ) બેઠકમાં વાઘપુરા (દૂ), પાણેથા, ઈન્દોર, ઉમલ્લા, સારસા અને બામલ્લા સામેલ છે. વાગરા બેઠકમાં વાગરા-1, 2, વોરાસમની, પહાજ, ચાંચવેલ અને ઓરા, વાલિયા બેઠકમાં વાલિયા-1, 2, ડુંગરી, લુણા, કોંઢ અને વટારીયા, વેડચ બેઠકમાં વેડચ, સારોદ, ડાભા, કાવલી અને નોબાર, જ્યારે વિલાયત બેઠકમાં વિલાયત, ખોજબલ, પીપલીયા, કેશવાણ, ગંધાર અને સુવા તાલુકા પંચાયત બેઠકોનો સમાવેશ થાય છે. આમ તાલુકા વાઈઝ ફાળવણી જાહેર થતાં જ હવે ભરૂચ જિલ્લામાં ચૂંટણી જંગ વધુ રોમાંચક બનવાની સંભાવના છે.

કંકોતરી વહેંચવાની ના પાડતાં કાકાએ ભત્રીજાને બચકું ભરી લીધું!

સાગબારાના કોલવાણ ગામની ઘટના

તબિયત ખરાબ હોવાથી ભત્રીજાએ બહાર જવાની ના પાડી

ઉશ્કેરાયેલા કાકાએ કમરના ભાગે દાંત બેસાડી દીધા; હત્યાની ધમકી આપી

સાગબારાઃ સાગબારાના કોલવાણ ગામે બહેનના લગ્નની કંકોતરી વહેંચવા જવા જેવી સામાન્ય બાબતે થયેલી બોલાચાલીમાં ઉશ્કેરાયેલા કાકાએ પોતાના જ ભત્રીજાને કમરના ભાગે બચકું ભરી ઈજા પહોંચાડી હોવાની ઘટના સામે આવી હતી. આ મામલે સાગબારા પોલીસ મથકે ગુનો નોંધાયો હતો.

પ્રાપ્ત વિગત મુજબ સાગબારાના કોલવાણ ગામના ગોચર ફળિયામાં રહેતા ૨૨ વર્ષીય પૃથ્વીરાજ મહેન્દ્રભાઈ વસાવા ગત ૧૬ જાન્યુઆરીના રોજ પોતાના ઘરે હાજર હતા. દરમિયાન તેમનો મોટો ભાઈ આકાશ ત્યાં આવ્યો હતો અને તેમની નાની બહેન પૂજાના આગામી ૨૨-૨૩ જાન્યુઆરીના રોજ નક્કી થયેલા હોવાથી લગ્નની કંકોતરીઓ વહેંચવા માટે સાથે આવવા જણાવ્યું હતું. જો કે, પૃથ્વીરાજની તબિયત સારી ન હોવાથી તેમણે સાથે જવાની અસમર્થતા દર્શાવી હતી.

આ વાત પાડોશમાં રહેતા તેમના કૌટુંબિક કાકા લક્ષ્મણભાઈ ધરમદાસભાઈ વસાવા સાંભળી જતાં તેમને ગમ્યું ન હતું. તેમણે આંગણામાં આવી પૃથ્વીરાજ સાથે બોલાચાલી કરી ગાળો આપવાનું શરૂ કર્યું હતું. પૃથ્વીરાજે ગાળો બોલવાની ના પાડતાં કાકાએ એકદમ ઉશ્કેરાઈ જઈ પૃથ્વીરાજને કમરના જમણી બાજુએ પાછળના ભાગે પોતાના તીક્ષ્ણ દાંત વડે બચકું ભરી લીધું હતું, જેના કારણે તેને લોહી નીકળવા લાગ્યું હતું. હુમલા બાદ કાકાએ ધમકી આપી હતી કે, આજે તો તું બચી ગયો છે, બીજીવાર જો લાગમાં આવીશ તો જાનથી મારી નાંખીશ. ઈજાગ્રસ્ત પૃથ્વીરાજને પ્રથમ કોલવાણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને ત્યારબાદ સાગબારા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. આ મામલે પૃથ્વીરાજની ફરિયાદના આધારે સાગબારા પોલીસે લક્ષ્મણભાઈ વસાવા વિરુદ્ધ ગુનો નોંધી હેડ કોન્સ્ટેબલ મહેન્દ્રભાઈ વસાવાએ વધુ તપાસ હાથ ધરી છે.

અંકલેશ્વર પાલિકા પ્રમુખના કથિત ભ્રષ્ટાચાર સામે આપનો વિરોધ

પાલિકા પ્રમુખ લલિતા રાજપુરોહિતના રાજીનામાની માંગ

પ્રવીણ તેરૈયા

અંકલેશ્વરઃ અંકલેશ્વર નગર સેવાસદનનાં પ્રમુખ લલિતા રાજપુરોહિત સામે કથિત ભ્રષ્ટાચારના મુદ્દે શહેરમાં રાજકીય ઘમાસાણ સર્જાયું છે. આ મામલે આમ આદમી પાર્ટીના આગેવાનો અને કાર્યકર્તાઓએ અંકલેશ્વર નગર સેવાસદનની કચેરી સામે ધરણાં કરી જોરદાર વિરોધ નોંધાવ્યો હતો. આમ આદમી પાર્ટીએ આક્ષેપ કર્યો છે કે, એક કોન્ટ્રાક્ટર પાસેથી રૂ.૫૦ હજારની લાંચ માંગતા હોવાની ઓડિયો ક્લિપ તાજેતરમાં સોશિયલ મીડિયામાં વાયરલ થઈ છે, જેનાથી નગરપાલિકા તંત્રની કામગીરી પર ગંભીર સવાલો ઊભા થયા છે. પાર્ટીના આગેવાનો દ્વારા પ્રમુખ લલિતા રાજપુરોહિતનું તાત્કાલિક રાજીનામું માંગવામાં આવ્યું હતું. વિરોધ પ્રદર્શન દરમિયાન કાર્યકર્તાઓએ ભ્રષ્ટાચાર વિરોધી નારા લગાવ્યા હતા. બીજી તરફ અંકલેશ્વર પાલિકા પ્રમુખ સામે કારણદર્શક નોટિસ ફટકારવાની ઘટના બન્યા બાદ કોંગ્રેસે સુરત ખાતે જઈને પ્રાદેશિક નિયામક નગરપાલિકા (RCM)ને આવેદનપત્ર પાઠવ્યું હતું. આ બાબતે નગરપાલિકા પ્રમુખને કારણદર્શક નોટિસ ફટકારી ખુલાસો પૂછવામાં આવ્યો છે.

સંક્ષિપ્ત સમાચાર

રાજપારડી ચાર રસ્તા પાસે હાઈવા ટ્રકે ટક્કર મારતાં એકનું મોત

ભરૂચ, ઝઘડિયાઃ શનિવારે સવારના લગભગ અગિયાર વાગ્યાના અરસામાં રાજપારડી ચોકડી પર ગોઝારો અકસ્માત થયો હોવાની ઘટના સામે આવી છે. આ ઘટનામાં રાજપારડી નજીકના સારસા ગામનો રમેશભાઈ વસાવા રાજપારડી ચાર રસ્તા પાસે એક હાઇવા ટ્રકના પાછળનાં ભાગે ટાયર નીચે આવતા ઘટના સ્થળે જ દમ તોડ્યો હતો.

સાગબારાના ગોટપાડા ગામે જુગારી ઝડપાયો

સાગબારાઃ સાગબારાના ગોટપાડા ગામની સીમમાં મહુડાના ઝાડ નીચે વરલી મટકાનો જુગાર રમતા યુવકને પોલીસે રંગેહાથ ઝડપી પાડ્યો હતો. પોલીસે ઘનશેરા રોડ પરના ખુલ્લા ખેતરમાં રેઈડ કરી હતી. જ્યાં ૨૧ વર્ષીય વિશાલ વસાવા (રહે., સાગબારા, દરબાર ફળિયું) વરલી મટકાના આંકડા લખતો મળી આવ્યો હતો. પોલીસે તેની પાસેથી રૂ.૨૩૦ રોકડા, આંકડા લખેલું સાહિત્ય અને પેન કબજે કર્યાં છે.

ભરૂચમાં હિટ એન્ડ રનની ઘટનામાં યુવાનનું મોત

ભરૂચઃ ભરૂચ પાસે દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે પર અજાણ્યા વાહનની અડફેટે આવતાં આશરે રપથી ૩૦ વર્ષીય યુવાનનું મોત નીપજ્યું છે. વહેલી સવારે બનેલી આ ઘટનામાં અજાણ્યો વાહન ચાલક અકસ્માત સર્જી ફરાર થઈ ગયો હતો. ગંભીર રીતે ઇજાગ્રસ્ત માનસિક અશક્ત યુવાનને સિવિલ હોસ્પિટલ ખસેડાતા સારવાર દરમિયાન તેણે દમ તોડ્યો હતો.

અંકલેશ્વર કોર્ટ પાસેથી બાઈક ચોરીનો ફરાર આરોપી ઝડપાયો

ભરૂચઃ ભરૂચ LCB પોલીસે બાતમીના આધારે અંકલેશ્વર કોર્ટ પાસેથી બિલાલ અહેમદ શાહ (ઉં.વ.32) (રહે., મ.નં-65 ગ્રીનવેલી તાપી હોટલ પાસે, કાપોદ્રા, તા.અંકલેશ્વર, જિ.ભરૂચ, મૂળ રહે., ઉત્તરપ્રદેશ)ની ધરપકડ કરી છે. આરોપી બિલાલ હાંસોટ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા બાઈક ચોરીના ચાર ગુનાઓમાં લાંબા સમયથી નાસતો ફરતો હતો અને પોલીસના મોસ્ટ વોન્ટેડ લિસ્ટમાં સામેલ હતો. આરોપીને હાંસોટ પોલીસમાં સોંપાતાં પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

અંકલેશ્વર-હાંસોટમાં રૂપિયા 10 કરોડના ખર્ચે નહેરોનું નવીનીકરણ શરૂ

અંકલેશ્વરઃ અંકલેશ્વર-હાંસોટ વિસ્તારમાં અંદાજે રૂ. 10 કરોડના ખર્ચે 15થી વધુ નાની-મોટી નહેરોના નવીનીકરણની કામગીરી શરૂ કરવામાં આવી છે. આ પ્રોજેક્ટ હેઠળ રૂ.5 કરોડના ખર્ચે જૂના નાના પુલ અને ગેટ દૂર કરી મોટા અને આધુનિક ગેટનું નિર્માણ પણ કરવામાં આવી રહ્યું છે. નવીનીકરણ પૂર્ણ થયા બાદ તાલુકાની અંદાજે 15 હજાર હેક્ટર જેટલી ખેતીલાયક જમીનને સિંચાઈનો લાભ મળશે.

ભરૂચમાં ચોરીના ગુનાના 3 આરોપી ઝડપાયા

ભરૂચઃ ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચે ચાવજ સ્થિત બંધ વિડીયોકોન કંપનીના વેરહાઉસમાં થયેલી ચોરીનો ગણતરીના દિવસોમાં ભેદ ઉકેલી નાંખ્યો હતો. અંકલેશ્વરમાં પેટ્રોલિંગ દરમિયાન બાતમીના આધારે પોલીસે એક ઇકો કાર અટકાવી તપાસ કરતાં તેમાંથી 6 નંગ LED ટીવી મળી આવ્યાં હતાં. પોલીસે વાગલખોડના અમિત ઉર્ફે ઇમલુ, અક્ષય વસાવા અને સુનીલ નામના ત્રણ શખ્સની ધરપકડ કરી છે, જ્યારે અન્ય બે વોન્ટેડ છે. આરોપીઓએ 12 જાન્યુઆરીએ વેરહાઉસનાં તાળાં તોડી ચોરી કરી હોવાની કબૂલાત કરી છે. પોલીસે ટીવી અને કાર મળી કુલ રૂ.4.10 લાખનો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી છે.

ઝરપાણીયા પાસે ટ્રક અકસ્માતમાં યુવાનનું મોત

ભરૂચઃ વાલિયાના ઝરપાણીયામાં ધારોલી ચોકડી નજીક એક માર્ગ અકસ્માત થતાં ધારોલી ગામનો એક આશાસ્પદ યુવાનનું મોત નીપજ્યું હતું. ઝઘડિયાના ધારોલી ગામે કન્યા શાળા ફળિયામાં રહેતા 26 વર્ષીય યુવાન વિપુલ સુરેશ વસાવા તેમની બાઈક પર નાઈટ્રેક્સ કંપનીમાં નોકરી પર જતા હતા. એ વેળા ઝરપાણીયા ગામ પાસે રોડ પર ટ્રક પર કોઈ પાર્કિંગ લાઈટ, આડશ અથવા રિફ્લેક્ટર મૂક્યા વગર એક બ્રેકડાઉન ડમ્પર ઊભું હતું. અંધારામાં ઊભેલી ટ્રકને જોઈ ન શકતાં પાછળ બાઈક સવાર વિપુલ વસાવા અથડાતાં ગંભીર ઈજા પહોંચી હતી. આથી તેમને પ્રથમ ભરૂચની સિવિલ હોસ્પિટલમાં લઈ જવાયા હતા. હાલત ગંભીર જણાતાં વધુ સારવાર માટે તેમને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા, જ્યાં રાત્રિ દરમિયાન દમ તોડ્યો હતો. આ ઘટના અંગે વાલિયા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વર્ક ફ્રોમ હોમના નામે છેતરપિંડી મહિલાએ 4.28 લાખ ગુમાવ્યા

બારડોલીના બાબલા ગામની ઘટના

બારડોલીઃ ઓનલાઈન પાર્ટ-ટાઈમ જોબ અને લાલચ આપી નાણાં ખંખેરતી ગેંગ હવે ગ્રામ્ય વિસ્તારોમાં પણ સક્રિય થઈ છે. બારડોલી તાલુકાના બાબલા ગામની એક 30 વર્ષીય મહિલાને ઘરે બેઠા હજારો રૂપિયા કમાવવાની લાલચ આપી ઠગબાજોએ રૂ. 4.28 લાખ પડાવી લીધા હોવાની ઘટના સામે આવી છે. આ મામલે મહિલાએ બારડોલી ગ્રામ્ય પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

બાબલા ગામના નહેર ફળિયામાં રહેતા અને ઠંડા પાણીનો વ્યવહાર કરતા જેનિબેન વિજયભાઈ શાહ પર ગત 12 ડિસેમ્બર-2025ના રોજ એક અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનારે ટેલિગ્રામ એપ્લિકેશન દ્વારા પાર્ટ-ટાઈમ જોબની ઓફર આપી હતી, જેમાં માત્ર હોટલ કે પ્રોડક્ટને રેટિંગ અને રિવ્યુ આપીને રોજના 5 હજારથી 20 હજાર રૂપિયા કમાવવાની લાલચ આપવામાં આવી હતી.

ઠગબાજોએ જેનિબેનનો વિશ્વાસ જીતવા માટે શરૂઆતમાં રિવ્યુ આપવાના બદલામાં 150 રૂપિયા આપ્યા હતા. ત્યારબાદ પ્રીમિયમ ટાસ્કના નામે 800 રૂપિયા ભરાવી સામે 1020 રૂપિયા પરત આપી વિશ્વાસ વધુ મજબૂત કર્યો હતો. જ્યારે જેનિબેને 12,000 રૂપિયા જમા કરાવ્યા, ત્યારે સામેથી પૈસા પરત આવવાનું બંધ થયું હતું.જ્યારે જેનિબેને પોતાના રોકેલા નાણાંની માંગણી કરી, ત્યારે ઠગબાજોએ બહાનું કાઢ્યું હતું કે તેમનું એકાઉન્ટ ફ્રીઝ થઈ ગયું છે અને તેને ખોલવા માટે 1 લાખ રૂપિયા ભરવા પડશે. ત્યારબાદ 2.28 લાખ ભરો તો કુલ 6.10 લાખ પરત મળશે તેવી લાલચ આપવામાં આવી હતી. અંતે ક્રેડિટ સ્કોર ઓછો હોવાનું કહી વધુ 3.50 લાખની માંગણી કરવામાં આવતાં જેનિબેને કુલ 4,28,840 રૂપિયા ગુમાવ્યા બાદ છેતરપિંડીનો અહેસાસ થયો હતો.

છેતરપિંડીની જાણ થતાં જ જેનિબેને ત્વરિત સાયબર ક્રાઈમ હેલ્પલાઇન નંબર 1930 પર જાણ કરી હતી અને શુક્રવારના રોજ બારડોલી ગ્રામ્ય પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. કોઈપણ અજાણ્યા નંબર પરથી મળતી જોબ ઓફરથી સાવધ રહેવા અને નાણાકીય લેવડદેવડ ન કરવા પોલીસ દ્વારા અપીલ કરવામાં આવી છે.

નહાર ગામે દીપડો દેખાયો

ભરૂચઃ મધરાત્રે લગભગ 12.48 વાગ્યાના જંબુસરનાઅરસામાં નહાર ગામ નજીક આવેલી પૂજા વિદ્યામંદિરના પરિસરમાં દીપડો નજરે જોવા મળ્યો હતો. સ્થાનિક યુવાનોએ આ દૃશ્ય જોઈને દીપડાના ફોટા પણ કેમેરામાં કેદ કરી વાયરલ કર્યો હતો. ગ્રામજનોએ વન વિભાગને જાણ કરી હતી કે, ગામમાં ફરતા આ દીપડાને પકડવા પાંજરું મૂકવામાં આવે એવી માંગ છે.

સાગબારામાં વરલી મટકાનો જુગાર રમાડનાર ઝડપાયો

સાગબારાઃ સાગબારા પોલીસે બાતમીના આધારે જીઈબી ઓફિસ નજીક કેનાલ પાસે રેઈડ કરી વરલી મટકાનો જુગાર રમાડતા નરેશભાઈ શ્રાવણભાઈ તડવી (ઉં.વ.37) (રહે.,ઘોડાદેવી, સાગબારા)ને રંગેહાથ ઝડપી પાડ્યો હતો. પોલીસે આરોપી પાસેથી રોકડા રૂ.૨૪૦, આંકડા લખેલી ચિઠ્ઠી અને બોલપેન કબજે કર્યા છે. પોલીસે જુગાર ધારા હેઠળ ગુનો નોંધી તપાસ આદરી છે.

Milano MULTIPLEX
બારડોલી
The Raja Saab 03:00pm, 06:00pm, 09:00pm
Jai Kanhaiyalall Ki-Gujarati 09:30pm
One Two Cha Cha Chaa 10:00pm
Dhurandhar : 05:00pm
Rahu Ketu : 07:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

અનાવલમાં ગોચર જમીન ટ્રસ્ટને ફાળવવાનો ઠરાવ ગ્રામસભામાં રદ કરાયો

પાંચ કાકડા મેદાનમાં ગોચરની જમીન ઠાકોર પારગી ગરાસીયા ટ્રસ્ટને ફાળવવા ઠરાવ થયો હતો

અનાવલઃ અંબિકા તાલુકાના અનાવલ ગામમાં પાંચ કાકડા મેદાનમાં ગોચરની જમીન ઠાકોર પારગી ગરાસીયા ટ્રસ્ટને સાયન્સ એન્જિનિયરિંગ કોલેજ માટે ફાળવવાનો પહેલો ઠરાવ ગામ પંચાયતે સભ્યો અને ગ્રામજનોની જાણ સાથે કર્યો હતો. જેની જાણ થતાં ગ્રામજનોએ 12 જાન્યુઆરી-2026ના રોજ ભેગા થઈ, લેખિતમાં આ ઠરાવ રદ કરવા માટે રજૂઆત કરી હતી. ત્યારબાદ 17 જાન્યુઆરી-2026ના રોજ સરપંચ અને તલાટી દ્વારા ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સભામાં નિર્ણય લેવામાં આવ્યો કે, પાંચ કાકડા મેદાનમાં આવેલી ગોચરની જમીન ટ્રસ્ટને ફાળવવાનો પહેલો ઠરાવ રદ કરવામાં આવે. સાથે સાથે, ગામ પંચાયતનું સ્થળ બદલવા એજન્ડા પણ મુકાયો હતો. જે ગામજનો દ્વારા નામંજૂર કરવામાં આવ્યો હતો અને વર્ષોથી હાજર સ્થળ પર જ નવનિર્માણ કરવાનો ઠરાવ કર્યો હતો.

ગામસભામાં અન્ય મુદ્દાઓ પણ ઉઠાવાયા હતા. સીસીટીવી કેમેરા વર્ષોથી બંધ હોવાથી તેને ચાલુ કરવા માટે રજૂઆત, શુકલેશ્વર મંદિર ટ્રસ્ટ દ્વારા કરવામાં આવેલી તાર ફેન્સિંગ મુદ્દા પર પ્રશ્ન, તલાટી સામે, શુકલેશ્વર મંદિર ગેટની બહારની જમીન અંગે સ્પષ્ટતા માંગવી. આથી તલાટીએ જણાવ્યું કે, ગેટના કમ્પાઉન્ડની બહાર કોઈ જમીન નથી. વધુમાં અનાવલમાંથી પસાર થતી કાવેરી નદીમાં ગંદકી ફેલાવવાના પ્રયાસોની તપાસ અને કાયદેસર કાર્યવાહી કરાવવી, ગ્રામસભાની જાણ અગાઉની જેમ રિક્ષા અથવા ઢોલ-નગારાં દ્વારા જાહેર કરવા અંગે પ્રશ્ન ઉઠાવાયો હતો. જે આજની મુખ્ય ગામસભામાં પણ પૂરતી ન હતી. ગ્રામજનોનો મેસેજ હતો કે દરેક નિર્ણય લોકોની ઉપસ્થિતિમાં લેવો જોઈએ અને ગામ પંચાયતનું નવનિર્માણ વર્ષોથી હાજર સ્થળ પર જ કરવું જોઈએ.

એગ્રીકલ્ચર લેન્ડ ભાડે જોઈએ છે
૨૫ વર્ષના કોન્ટ્રાક્ટમાં ઈન્ડસ્ટ્રિયલ માટે
ડોલવણઃ ડોલવણ, મહુવરિયા, બામણામલદૂર,પાટી, પાઠકવાડી, સિંઘાઈ (૨૨ થી ૨૫ વીંઘા)
અનેક અલગ ખેડૂતો,અલગ સર્વે નંબરવાળી અનેક જગ્યાઓ ભેગી કરીને ૨૫ વીંઘા આપી શકશે.
મોબાઈલ નંબરઃ ૯૭૧૨૩ ૯૯૫૧૬

-:: જાહેર ચેતવણી ::-

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, ડીસ્ટ્રીકટ સુરત સબ-ડીસ્ટ્રીકટ તાલુકે અરેઠ માંડવીનાં મોજે ગામ તડકેશ્વરનાં બીનખેતીની રહેઠાણ હેતુની બ્લોક નંબર ૧૬૪૧, ખાતા નં.૨૦૩૨, ક્ષેત્રફળ સુમારે ૩૪૪૦ ચોરસ મીટર બીનખેતીના આકાર રૂપિયા ૩૪૪.૦૦ પૈસાવાળી જમીનમાં પાડવામાં આવેલ પ્લોટો પૈકી પ્લોટ નંબર ૦૧ (એક), જેનું ક્ષેત્રફળ ૧૧૮.૦૩ ચો.મી. વાળી ખુલ્લા પ્લોટની જમીન (૧) બદાત અસ્માબાનુ ઇરફાન વિગેરેનાઓએ ચોખ્ખા તેમજ ટાઇટલ ક્લીયર બોજામુકત તથા તેમની સંયુકત માલિકી અને પ્રત્યક્ષ કબજા ભોગવટાનું ચાલી આવેલ હોવાનું જણાવી મારા અસીલ દર્શનકુમાર કાળીદાસભાઇ પટેલ, રહે. તડકેશ્વર, મોરી ફળીયું, તા. માંડવી, જી. સુરતનાં ને વેચાણથી આપવાનું નકકી કરેલ છે. જેથી સદર મિલકતમાં કોઇ વ્યકિત, સંસ્થા, મંડળી, બેંકનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, લહેણું, કોઇનું સોદાચિઠ્ઠી, સાટાખત, વારસાઇ હકકો, તથા કોઇપણ અન્ય પ્રકારનાં હકકો, દાવા હોય તો તેણે નોટિસ પ્રસિધ્ધ થયાથી દિન-૦૭ માં લેખિતમાં વિગતવાર પુરાવા સહિત અમોને રૂબરૂમાં જાણ કરવી તેમ કરવામાં કસુર યા ચુક થશે તો સદર મિલકતમાં કોઇનો હકક, હિત, સંબંધ યા અધિકાર નથી અને હોય તો તે મારા અસીલની તરફેણમાં જતા કરયા છે યાને "વેઇવ" કરેલ છે તેમ કરી મુદ્દત વિત્યેથી પુરેપુરા વેચાણ અવેજની રકમ ચુકવી મારા અસીલ તેઓના લાભમાં ઉપરોકત માલિક પાસેથી મજકુર મિલકતનો રજીસ્ટ્રર દસ્તાવેજ તેમજ પાકા લખાણો કરાવી લેશે અને મુદત વિત્યેથી ભવિષ્યમાં કોઇની તર-તકરાર કે વાંધો ચાલશે નહી. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

દર્શનકુમાર કાળીદાસભાઇ પટેલ
મારી સુચના અને ફરમાઇસથી

અમારી મારફતે
આર. એસ. પટેલ (એડવોકેટ)

સારા કોમ્પલેક્ષ, તડકેશ્વર, તા. માંડવી, જી. સુરત, મો.નં. ૯૦૯૯૬-૪૫૩૬૫

માંડવીમાં અકસ્માત કરનાર ડમ્પર ચાલક ઝડપાયો

માંડવીઃ માંડવીના ધોબણીનાકા સ્થિત બિરસામુંડા સર્કલ નજીક ૨ ડિસેમ્બરે રાત્રે આશરે ૮:૪૫ વાગ્યે એક અજાણ્યા ડમ્પર ચાલકે પૂરઝડપે વાહન હંકારી રસ્તો ઓળંગી રહેલા સુખ્ખુભાઈ રામલખનભાઈ બનવાસી (ઉં.વ.૪૨) (રહે.,માંડવી)ને અડફેટે લીધા હતા. આ ગંભીર અકસ્માતમાં સુખ્ખુભાઈનું ઘટના સ્થળે જ મોત થયું હતું. અકસ્માત સર્જી ચાલક અંકુશ વિનોદ ચૌધરી (ઉં.વ.22) (રહે., કાળા વ્યારા, નિશાળ ફળિયું, વ્યારા) સાથે ફરાર થઈ ગયો હતો. મૃતકના ભાઈ ખરબોટીભાઈ બનવાસીની ફરિયાદના આધારે માંડવી પોલીસે અજાણ્યા ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. પોલીસ ઈન્સ્પેક્ટર સી.બી.ચૌહાણના માર્ગદર્શન હેઠળ પોલીસે ઘટના સ્થળ અને આસપાસનાં સીસીટીવી ફૂટેજનું ઝીણવટભર્યું નિરીક્ષણ કરી ટેકનિકલ સર્વેલન્સની મદદથી